**BRAMPTON Flower City** brampton.ca

**media release**

મે 29, 2018

# બ્રામ્પટન રહેવાસીઓને ઓક્ટોબર 2018 નાં મ્યુનિસિપલ ઈલેક્શનમાં કામ કરવાની હાકલ કરવામાં આવે છે

*2,000 થી વધારે ચૂંટણી કાર્યકરોની ભરતી જૂન 9 નાં રોજ સેલીબ્રામ્પટનમાં શરૂ થશે*

બ્રામ્પટન, ઓન્ટેરિયો – તા. જૂન 9 થી શરૂ કરીને, જાહેર જનતામાંથી કોઈપણ વ્યક્તિ મ્યુનિસિપલ ઈલેક્શન વર્કર બનવા અને મતદાન દિવસ, તા. ઓક્ટોબર 22 નાં રોજ વહીવટી અને ગ્રાહક સેવા કામગીરીઓમાં સહાયતા કરવા અરજી કરી શકે છે. 2,000 થી વધારે પદો ઉપલબ્ધ છે. ચડિયાતી પસંદગી 18 કે વધારે વર્ષની ઉંમરના બ્રામ્પટન રહેવાસીઓની કરવામાં આવશે.

ભરતી (રિક્રુટમેન્ટ) ડાઉનટાઉન બ્રામ્પટનમાં સેલીબ્રામ્પટનમાં શરૂ થશે. સીટી હોલ બહાર સ્થિત મ્યુનિસિપલ ઈલેક્શન કિયોસ્કની મુલાકાત લેશો, કર્મચારીગણ પાસેથી તમારા પ્રશ્નોના જવાબ મેળવો અને તરત સ્થળ પર જ અરજી કરો.

આ નવી આવડતો કેળવવાની, આ શહેરના મ્યુનિસિપલ કર્મચારીગણને ઓળખવાની અને તમારા સમુદાય સાથે જોડાવાની એક મોટી તક છે. સંખ્યાબંધ પદો ઉપલબ્ધ છે અને કામનું વિગતવાર વર્ણન ઓનલાઈન અહીં ઉપલબ્ધ છે www.brampton.ca/bramptonvotes.

**ઝડપી માહિતી**

- રસ ધરાવતી વ્યક્તિઓ તા. જૂન 9 થી શરૂ કરીને ઓનલાઈન અરજી અહીં www.brampton.ca/bramptonvotes કરી શકે છે
- તા. જૂન 11 થી અરજીની છાપેલી નકલો અહીંથી મેળવી શકાશેઃ The City Clerk's Office, City Hall, 2 Wellington Street West. સીટી ક્લાર્કની ઓફિસ અઠવાડિક કામકાજના દિવસોમાં સવારે 8:30 વાગ્યાથી સાંજે 4:30 વાગ્યા સુધી ખુલ્લી રહે છે
- નિયુક્તિ પામેલી વ્યક્તિઓએ વર્ગમાં હાજર રહેવાની અને વાંચન સાહિત્યની સમીક્ષા કરવા સહિત, બેથી ત્રણ કલાકની તાલીમ ઓક્ટોબર 22 પહેલાં મેળવવાની જરૂર પડશે, અને આ વ્યક્તિઓ ઓક્ટોબર 22 નાં રોજ 14 કલાક સુધી કામ કરશે
- તાલીમ અને વળતર પૂરું પાડવામાં આવશે
- ભૂતપૂર્વ અનુભવ અને કોમ્પ્યુટરની આવડતો ધરાવતી વ્યક્તિ ચડિયાતી પસંદગી પામશે.

**અવતરણ (ક્વૉટ)**

"પાત્રતા ધરાવનાર 350,000 થી વધારે મતદાતાઓની સંખ્યા સાથે, મ્યુનિસિપલ ઈલેક્શન અસરકારક રીતે કરાવવામાં ચૂંટણી કાર્યકરોની સહાયતા નિર્ણાયક બને છે. અરજદારો મ્યુનિસિપલ ગવર્મેન્ટનો અનુભવ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ, સ્થાનિક અનુભવ મેળવવાની ઈચ્છા ધરાવતા બ્રામ્પટનમાં નવા આગંતુકો, કે સમુદાયને કંઈક પરત આપવા ઈચ્છતા રહેવાસીઓ હોઈ શકે છે. કંઈક સેવા આપવાની ભાવના ધરાવતી કોઈપણ વ્યક્તિ અરજી કરવા આવકાર્ય છે."

- *પીટર ફૅ (Peter Fay), સીટી ક્લાર્ક અને રિટર્નિંગ ઓફિસર (ચૂંટણી અધિકારી)*

-30-

**બ્રૅમ્પટન વિશાળ આયોજનો વિષે વિચારે છે.** અમે તીક્ષ્ણ ફોકસ ધરાવતું ભવિષ્ય માટે તૈયાર સંગઠન છીએ. અમે જાણીએ છીએ કે આપણા સમુદાયની વૃદ્ધિ, યુવાની અને વૈવિધ્ય આપણને અલગ ઓળખ પ્રદાન કરે છે. અમે કૅનેડાના ઈનોવેશન સૂપર કૉરિડોર ખાતે સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત કરીએ છીએ અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે બનાવી રહ્યા છીએ એવા ગતિશીલ શહેરી કેન્દ્રો જે તકોનો તણખો ચાંપે છે અને અહીં કામ કરતા લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરે છે. અમે બ્રૅમ્પ્ટનને આગળ ધપાવી રહ્યા છીએ જેથી તે એક જોડાણ ધરાવતું શહેર બને જે પ્રવર્તનાત્મક, વ્યાપક અને સાહસિક હોય. અમને Twitter અને Facebook પર ફોલો કરો. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

BRAMPTON
Flower City
brampton.ca

media release